## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



અંકલ, મને ન ઓળખ્યો?...હું પહેલા માસ્ક પહેરીને આવતો અને તમે ઊધાર આપતા...



સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨ ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી અંતર્ગત તારીખ ૨૪/૩/૨૦૨૨ના રોજ વક્તૃત્વ સ્પર્ધા અને ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડના કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી, અલ્પાબેન પટેલ, રાજુ પટેલે હાજર રહી બાળકોને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# સરકારી પ્રાથમિક શાળા જીઈબી કોલોનીમાં વર્લ્ડ ટી.બી. ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૨૫

સરકારી પ્રાથમિક શાળા જીઈબી કોલોની ખાતે ૨૪ માર્ચ 'વર્લ્ડ ટી.બી.ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન પાલજ આરોગ્ય કેન્દ્રની ટીમના સહયોગથી કરવામાં આવ્યું હતું. ધોરણ ૬થી ૮ના આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ થીમ પર રાખવામાં આવેલ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. આરબીએસકે ટીમના ડૉ. બ્રિજેશભાઈ પટેલ, ફાર્માસીસ્ટ જુનેદભાઈ ચૌહાણ તથા સૂર્યા ડામોર ફીમેલ હેલ્થવર્કર અને પ્રવીણભાઈ ગોસ્વામી એમ પીએચ ડબલ્યુ એ ટીબીના રોગ વિષે વિસ્તૃત જાણકારી આપી ટીબી થવાના કારણો અને તેના ઉપાયની સમજ આપી હતી. પહેલાના સમયની જેમ હવે આ રોગ અસાધ્ય નથી તેના અદ્યતન ઉપચાર અને દવા દ્વારા મટાડી શકાય છે. બાળકોને વિડીયો બતાવવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય બાલસ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૨ થી ૧૪ વર્ષના આશરે ૧૦૦ જેટલા બાળકોને કોવિડની રસી મુકવામાં આવી હતી. રસી મુકાવાના ફાયદા સમજાવવા ટીબી ડે નિમિત્તે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ અને સભ્યો હાજર રહ્યા હતા. તમામ શાળા પરિવારના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. આચાર્ય દીપ્તી વસાવડાએ આભારવિધિ કરી હતી.

# ડૉ ગુલાબચંદ પટેલ ને 'એશિયન સોશિયલ વર્કર અવોર્ડ' સ્ટાર રેકોર્ડ બુક ઓફ ઈન્ટરનેશનલ દ્વારા એનાયત



ગાંધીનગર, તા.૨૫

સામાજિક કાર્યકર નશા મુક્તિ અભિયાન પ્રણેતા તેમજ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજનાર, ઈંડિયન લાયન્સ ગાંધીનગર ઉપ પ્રમુખ,ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ સંસ્થાન ગાંધીનગરના અધ્યક્ષ, અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડાના અધ્યક્ષ તથા મહાત્મા ગાંધી આત્મહત્યા નિવારણ કેન્દ્રના પ્રમુખ અને હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક ડૉ ગુલાબચંદ પટેલ ને 'એશિયન સોશિયલ વર્કર અવોર્ડ' સ્ટાર રેકોર્ડ બુક ઓફ ઈન્ટરનેશનલ દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ ગુલાબચંદ પટેલની સામાજિક સેવાઓને ધ્યાનમાં લઈને આ અવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ ગુલાબચંદ પટેલને ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા આણંદના અધ્યક્ષ શૈલેષ વાણિયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આજે કલોલમાં વિવિધ કામોની ખાતવિધિ અને લોકાર્પણ કેન્દ્રીય ગૃહમંત્રી કરશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આવતીકાલે ૨૬ માર્ચ, ૨૦૨૨ ના રોજ ગાંધીનગર સંસદીય ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ જુદી જુદી વિધાનસભા અન્વયે વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાશે.અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ, હરિયાળું અને પ્રાકૃતિક ખેતી યુક્ત બને તે દિશામાં શ્રી અમિતભાઈ શાહ દ્વારા સાતત્યપૂર્ણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે સવારે ૦૯:૩૦ કલાકે સોલા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સ્પીચ લેન્ગવેજ પેથોલોજી કોલેજ અને ગરીબ - જરૂરિયાતમંદો માટે ભોજન વ્યવસ્થાનો શુભારંભ કરવામાં આવશે. આ ઉપરાંત શ્રી શાહ દ્વારા કલોલ તાલુકાના મોટી ભોંયણ ખાતે સવારે ૧૦:૩૦ કલાકે વિવિધ કાર્યોના ઈ ખાતમુહૂર્ત - લોકાર્પણ તેમજ આંગણવાડી બહેનો અને આરોગ્ય વિભાગના કર્મીઓને કેન્સરની વહેલી તપાસ - નિદાન માટેના તાલીમ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવશે અને જાહેર સભાને પણ સંબોધશે. ત્યારબાદ તેઓ આરોગ્ય કર્મીઓના આરોગ્ય તપાસ કાર્યક્રમ સંદર્ભે સબ સેન્ટરની મુલાકાત પણ લેશે. ત્યારબાદ શ્રી અમિતભાઈ શાહના શુભ હસ્તે બપોરે ૧૧:૪૫ કલાકે ભારતમાતા ટાઉનહોલ, કલોલ ખાતે જાહેર સભાના સ્વરૂપમાં કલોલ નગરપાલિકાના ઉપક્રમે બીવીએમ ફાટક પરના ઓવરબ્રિજ અને સરદાર બાગના નવીનીકરણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. બાદમાં શ્રી શાહ એ.એમ.સી. દ્વારા ડી.પી.એસ. સ્કૂલ, બોપલ ખાતે નવનિર્મિત ઈકોલોજી પાર્કની મુલાકાત લેશે. બાદમાં શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતમાં સાંજે ૦૫:૦૦ કલાકે જી. ડી. પાર્ટી પ્લોટ, સોલા, અમદાવાદ ખાતે એ.એમ.સી. દ્વારા નિર્મિત વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અને તૈયાર થનાર જુદા જુદા કાર્યોના ખાતમુહૂર્ત કાર્યક્રમ જાહેર સભા સ્વરૂપે યોજાશે.



છેલ્લા કેટલાંક દિવસથી ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમ્યાન રાજ્યમાં ખેડૂતોને આઠ કલાક વિજળી આપવાના મુદ્દે વારંવાર વિપક્ષ દ્વારા અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે. શુક્રવારે તો કોંગ્રેસ દ્વારા આ મુદ્દે વિધાનસભા સંકુલમાં ભારે હંગામો મચાવાયો હતો જેમાં બે ધારાસભ્યો લલિત કથગરા અને વિમલ ચુડાસમાએ તો પોતાનો શર્ટ ઉતારી અર્ધનગ્ન થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતુ.

# ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજામાં એઈડ્સ જાગૃતિ કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

ભારતીય સમાજમાં જનઆરોગ્યની જે અત્યંત ગંભીર સામાજિક સમસ્યા છે તે એઈડ્સની સમસ્યા છે. ગુજરાત રાજ્ય એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા એઈડ્સ જાગૃતિ કાર્યક્રમમાં ડેપ્યુટી ડાયરેક્ટર મનુભાઈ વાઘેલાએ સરળ શબ્દોમાં જણાવ્યું કે એઈડ્સ એક પ્રકારના વિષાણુ જે એચઆઈવી વાયરસ તરીકે ઓળખાય છે. તેને લીધે માનવશરીરને અનેક રોગોનું ઘર બનાવી મૂકતી પરિસ્થિતિનું નામ છે. જો કે વ્યવહારમાં એઈડ્સ એક રોગ તરીકે ઓળખવામાં આવે છે. તેના કારણો અને સમગ્ર વિશ્વની વર્તમાન પરિસ્થિતિ અંગે વૈજ્ઞાનીક માહિતી આપી. ડરવાની જરૂર નથી માત્ર સાવધાની રાખવાની જરૂર છે.




રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક અરુણભાઈ ગાંધીએ જણાવ્યું કે વર્તમાનમાં જનજાગૃતિ વધી છે અને યુવાનોમાં સાચી સમજ મળવાથી પરિણામ પણ મળશે. ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ના સંયોજક ડૉ. રાજીવ પટેલે જણાવ્યું કે આ પશ્ચિમી દેશોનો રોગ છે તેવું હવે રહ્યું નથી, ગાંધી મૂલ્યોથી સાદુ જીવન એ જ એક માત્ર સાચો ઈલાજ છે. ડૉ. ધર્મેશભાઈએ હેવ અ નાઈસ ડે વિષે વાત કરી અને માનસિક તેમજ શારિરીક તંદુરસ્તી જાળવવાની ચાવીઓ જણાવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રા.સે.યો. ના પ્રોગ્રમ અધિકારી ડૉ. હસમુખ પંચાલે કરેલ અને પ્રોગ્રમ અધિકારી ડૉ.લોકેશ જૈન દ્વારા આભાર પ્રગટ કરેલ. એઈડ્સ જાગૃતિ કાર્યશાળામાં યુવાનોને નવા જ્ઞાનનો લાભ મળેલ અને ગેરસમજ દૂર થયેલ.

# યુગ પ્રવર્તક : શિવાજી વિષયક વાર્તાલાપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૫

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ., એમ.એ., પી.એચ.ડી., વિભાગના સરદાર ઉપાસના મંદિરમાં શિવાજી એક યુગ પ્રવર્તક વ્યક્તિ હતા તે અંગેનો ૩૬૦ વિદ્યાર્થી ભાઈઓ બહેનોની ઉપસ્થિતિમાં પ્રાધ્યાપક બળદેવભાઈ મોરીએ ઘટનાઓનું વર્ણન કરી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. શિવાજી નાનપણથી જ વીર, નીડર અને દેશપ્રેમી હતા. તેમના જીવનમાં ચાવલ યુવાનોનો વિશેષ ફાળો હતો માતા જિજાબાઈ અને દાદા કોંડદેવ દ્વારા કડક અનુશાસન અને રાજ વહીવટ શીખ્યા. પહાડી યુદ્ધ, ગેરીલા યુદ્ધ, રણનીતિ અને યોજનાઓ, દલિત ઉદ્ધારક, તે વખતના સમાજનો દરેક વર્ગને સાથે ચાલવાની વ્યવસ્થા તેમજ જાગીર પ્રથા નાબુદ કરનાર શાસક શિવાજી હતા. દેશહિત માટે કિલ્લાઓનું નિર્માણ કરનાર શાશક પણ શિવાજી હતા તેવા અનેક મુદ્દાઓની ઐતિહાસિક ઘટનાનો વાર્તાલાપ સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો. સભા સંચાલન અને આભારદર્શન પ્રાધ્યાપક ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યુ હતુ.

## ખૂણેખાંચરેથી

- આજે ગાંધીનગર આંદોલભૂમિ બની ગયુ હતુ એક છેડે ખેડૂતોએ વીજળીના મુદ્દે તો બીજે છેડે આદિવાસીઓએ તેમના હક્ક માટે ધરણા કર્યા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે જિલ્લા બહારથી પોલીસને બંદોબસ્તની કામગીરી કરવા માટે બોલાવવી પડી હતી.
- સિનીયર સિટીઝન ક્લબ ગાંધીનગર દ્વારા એક દિવસીય પ્રવાસ કચ્છના નડાબેટ સરહદનો યોજવામાં આવ્યો હતો.
- રાજય મંત્રી મનીષાબેન વકીલનો આજે જન્મદિવસ હતો અને તેમણે અત્યંત સાદગીથી તે મનાવ્યો હતો.
- ઈન્ડિયન વોટર વર્ક્સ એસો. અને પાણી પુરવઠા વિભાગના સંયુક્ત ઉપક્રમે આજે જીએમઈઆરએસના હોલમાં પાણી દિવસની ઉજવણી કરવામાં આવશે.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં આર.ટી.આઈ. એક્ટ અંતર્ગત કર્મચારીઓને તાલિમ આપવામાં આવી રહી છે.
- માર્ચના અંતિમ દિવસો શરૂ થતાં જ એજન્સીઓના સંચાલકો, કોન્ટ્રાક્ટરો સહિતના લોકોના બાકી બિલો અંગેન ધક્કા વધી ગયા છે.
- ગાંધીનગરના જુના સેક્ટરોમાં પાણીના પુરવઠાની સમસ્યાથી પરેશાન છે.
- સાબરમતી નદીના શુદ્ધિકરણ માટે વર્ષ-૨૦૨૦ માં રૂ. ૮૫,૭૧,૭૪,૦૦૦નો અને ૨૦૨૧માં રૂ. ૫૦,૨૯,૫૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે.



ઘણીવાર આપણી આસપાસ એવી બાબતો જોવા મળતી હોય છે કે જેમાં ક્યાંક સમસ્યા પણ છુપાયેલી હોય છે તો ક્યાંક તે બાબત અન્ય રીતે ઉપયોગી પણ હોય છે, જેમ કે આ બાળકને જ જોઈ લો... એક તરફ જ્યાં પાટનગરમાં સરકાર વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું હતું ત્યારે તેમાં સામેલ દેખાવકારો દ્વારા પાણી પીને રસ્તા પર જ્યાં ત્યાં ફેંકી દીધેલી પ્લાસ્ટિકની બોટલો આ શ્રમજીવી બાળક માટે પેટિયું રળવાની તક બની હતી. આમ તો આ ઉંમરે એક બાળકના ખભે શાળાનું દફતર હોય તે શોભે પરંતુ અત્યંત નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા શ્રમિક પરિવારના આ બાળક માટે પ્લાસ્ટિકની બોટલો વીણીને બે પૈસા રળવા તે મજબુરી છે, ભલે પછી તેની પ્રવૃત્તિ પર્યાવરણ માટે ઉપયોગી છે પરંતુ સમાજ માટે તો આ એક નીચાજોણું જ કહી શકાય..!!



ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા રાજયના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનરની કચેરીના સહયોગથી સેક્ટર-૩૦માં નાયબ વનસંરક્ષકના તાલીમ વિભાગના મલ્ટીપર્પઝ હોલ ખાતે રાજયકક્ષાની અન્ડર-૧૪ કક્ષાની ચિત્ર-ગીત-વકતૃત્વ અને નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી બાળપ્રતિભાઓ ભાગ લેવા ઉમટી પડી હતી.

# રાષ્ટ્ર સેવિકા સંસ્કૃત ભારતીના સેવાકીય સમર્પિત સેવિકા સંસ્કૃત અધ્યાપિકા ડો. કુંજલ બહેન ત્રિવેદી ની રાજયપાલ સાથે મુલાકાત

ગાંધીનગર, તા.૨૫

શંખેશ્વર કૉલેજમાં સંસ્કૃત પ્રોફેસર તરીકે સેવા આપતા, રાષ્ટ્ર સેવિકા સંસ્કૃત વિદૂષિ દ્વારા ગુજરાતના રાજયપાલની સૌજન્ય મુલાકાત લીધી હતી અને તેઓને મહા કવિ કાલિદાસ વિરચિત કુમાર સંભવ માં 'કર્તવ્ય અને અધિકારો' પુસ્તક ભેટ આપ્યું હતું. તાજેતરમાં જ સંસ્કારી નગરી વડોદરાના આંગણે રાજકોટ ગુજરાત ને ગૌરવ અપાવનાર ડૉ. કુંજલ ત્રિવેદી ને સાહિત્યકાર, પત્રકાર અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલ કલાકાર કસબીઓ, શ્રેષ્ઠ શિક્ષકો અને વિવિધ ઔદ્યોગિક સાહસિકો માટેનો એવોર્ડ સમારોહ માં સમાજની વિશિષ્ટ સેવા ઓ માટે ગુજરાત સીને સ્પેશ્યલ એચીવમેન્ટ એવોર્ડ- ૨૦૨૧થી સન્માનિત કરવા બદલ ગ્રેવા ફિલ્મ પ્રોડક્શનના દ્વારા પંડિત દીનદયાલ હોલ આજવા રોડ વડોદરા ખાતે તેઓનું સન્માન મહેશ સવાણી ઉદ્યોગપતિ સુરત જેઓના દ્વારા ૪૫૦૦ જેટલી કન્યાઓ નું કન્યાદાન કરાયું છે એવા અને લોક પ્રિય કવિ લેખક નૈષધ મકવાણા પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડેંટ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસનું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ કુંજલ ત્રિવેદી મૂળ તો રાજકોટ ના વતની છે. બેન પોતાના સ્વ ખર્ચે નિસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ સક્રિય છે. સાથે સાથે ભારતીય જનતા પાર્ટી ના સમર્થક મહિલા કાર્યકર્તા તરીકે પણ પોતાની ફરજ બજાવી રહિયા છે. ઉત્તમ એવી સામાજિક સંસ્થા વંદે માતરમ્ મંચ શિક્ષા વિભાગ ના મહા સચિવ ગુજરાત છે. બહુમુખી પ્રતિભા ના સ્વયં ધની છે. માટે જ અલગ અલગ અનેક સેવાકીય સંસ્થાઓમાં પોતાના ખર્ચે નિઃસ્વાર્થ કર્યો કરતા રહે છે. સંસ્કૃતના પ્રોફેસર તરીકે બનાસકાંઠા ના પાટણ ખાતે ફરજ બજાવે છે. સંસ્કૃત ભાષા જન જન સુધી પહોંચે અને દેવભાષા ના પ્રચાર પ્રસારને સંવર્ધન નું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે જે વંદન અભિનંદન અને સરાહનીય કાર્ય થકી બિરદાવા યોગ્ય છે. સમાજમાં દેશમાં લોકો સુશિક્ષિત થાય અને દેશની જનતા થકી સરકારના અનેક લાભો મેળવી વિકસિત સરકાર બને સુશાસન માં જનતા હર હંમેશા સરકાર ના સમર્થક માં રહે તે ઉદેશ્ય થી ખૂબ સેવા આપી જન જન માં જન જાગૃતિ અભિયાન ચાલવી રહિયા છે. સાથે સાથે ધર્મ નિષ્ઠ કૈલાશ માન સરોવર મુક્તિ આંદોલન મહિલા સમિતિ ના ગુજરાત પ્રદેશ ના પ્રમુખ, છે સરકાર માં પણ અવારનવાર રજુઆત કરી સહુ ગુજરાત ની જનતા ને કૈલાશ ધામ ના દર્શન થાય તેથી કારમુક્તિ અભિયાન માં સક્રિય છે. સહકારભારતી ના પાટણ જિલ્લા મહિલા અધ્યક્ષા અને ભૂદેવ સમિતિના રાજકોટ ના અધ્યક્ષ, પ્રોગ્રામ ઓફિસર સહકાર ભારતી ડૉ કુંજલ ને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર, એન એસ એસ, સાંસ્કૃતિક પ્રોગ્રામ ઓફિસર ને પ્રમુખ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર ના ડૉ. ગુલાબચંદ પટેલ દ્વારા ડૉ કુંજલ ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



# જીઆઈપીએસની ટીમ ખેલ મહાકુંભમાં બાસ્કેટ બોલમાં દ્વિતીય ક્રમે વિજેતા




ગાંધીનગર, તા.૨૫

ખેલમહાકુંભ-૨૦૨૧-૨૨ અંતર્ગત શરુ થયેલ ગાંધીનગર ગ્રામીણ જિલ્લાકક્ષાની અંડર ૧૪ ભાઈઓ બાસ્કેટબોલમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલની ટીમ દ્વિતિય નંબર પ્રાપ્ત કરી વિજેતા બની હતી અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરાઈ હતી.

# સચિવાલયમાં આધેડ વ્યકિતનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ સિવિલમાં દાખલ કર્યો

ગાંધીનગર, તા.૨૫ ફોટો

સચિવાલય સંકુલમાં આજે બપોરના સમયે સેકટર-૭ ખાતે રહેતા આધેડ વ્યકિતએ કોઈ કારણોસર અચાનક ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. જેથી આધેડનો તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સચિવાલય સંકુલમાં પોલીસ કંટ્રોલ પોઈન્ટ પાસે અચાનક બપોરના સમયે આધેડ વ્યકિતએ ઝેરી દવા પી ને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી ફરજ પરના પોલીસ કર્મચારીઓ તાત્કાલીક દોડી આવ્યા હતા અને તાત્કાલીક સારવારઅર્થે મોકલી આપ્યા હતા. જયાં ફરજ પરના ડોકટરે તેઓની સારવાર કરી વધુ સારવાર માટે એડમીટ કરવામાં આવ્યા છે. બનાવની જાણ થતા આધેડના પરિવારના સભ્યો પણ દોડી આવ્યા હતા. જયારે આધેડ સેકટર-૭ ના નાગરીક અને પૂર્વ મંત્રીના પીએ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે પ્રાથમિક રીતે વ્યાજ ખોરોના ત્રાસથી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું તારણ છે. બનાવ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### જિલ્લામાં ૧૩ કેન્દ્રો પર લેવાશે : જિલ્લા પંચાયત ખાતે સ્ટ્રોંગરૂમ ઉભો કરાયો

# આજે પશુધન નીરીક્ષકની જગ્યા માટે સ્પર્ધાત્મક પરીક્ષા

ગાંધીનગર, તા. ૨૫

આજે પશુધન નીરીક્ષકની ભરતી માટે જિલ્લામાં પરીક્ષાનું આયોજન પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવેલ છે. આજે યોજાનાર પરીક્ષામાં ૧૪૦ થી વધુ પશુધન નીરીક્ષકોની ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. આ પરીક્ષા માટે ૩૮૮૦ થી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જિલ્લામાં આ પરીક્ષા માટે ૧૩ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. પરીક્ષાને લઈ ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ખાસ સ્ટ્રોંગરૂમની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ પરીક્ષા માટે ૧૩ જેટલા બોર્ડના પ્રતિનિધિઓ પણ પરીક્ષા કેન્દ્રો પર સીધી નજર રાખશે. જિલ્લામાં યોજાનાર પરીક્ષા માટેની સંપૂર્ણ તૈયારીઓ પુરી થઈ ગઈ છે તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પણ ચાંપતો બંદોબસ્ત પોલીસનો રહેશે.